# ઉધના પો.સ્ટે. વિસ્તારમાં દેશી હાથ બનાવટના તમંચા સાથે રીઢા ગુનેગારને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી. ટીમ.

સુરત શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના અધિકારી/પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. સિંકદર બિસ્મીલ્લાનાઓને બાતમી હકીકત મળેલ કે, "રવિ ઉર્ફે રવ ગવઇ રહે.પ્રિયંકા ટાઉનશીપ નવાગામ ડીંડોલી, સુરત નાનો પોતાની પાસે દેશી હાથ બનાવટનો તમંચા રાખી ઉધના નવા રોડ અમદાવાદી તવાફ્રાયની સામે ઉભેલ હોવા અંગેની મળેલ બાતમી આધારે બાતમીવાળી જગ્યાએથી આરોપી રવિ ઉર્ફે રવ S/O રઘુનાથ ગવઇ ઉ.વ. ૧૯ રહે. ઘર નં.૫૬, પ્રિયકા પાર્ક-૦૨, ટાઉનશીપ નવાગામ, ડીંડોલી, સુરત મુળવતન ગામ મોચીપુરા તા.જીલ્લો અમરાવતી મહારાષ્ટ્ર વાળાને ઝડપી પાડી તેના કમરના ભાગે પેન્ટના નેફામાં સંતાડી રાખેલ લાયસન્સ વગરનો એક દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૦૧ કીં.રૂ.૫,૦૦૦/- ની મત્તાનો મુદામાલ કબ્જે કરી તેના વિરૂધ્ધમાં આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(૧-એ), તથા જી.પી.એકટ. કલમ-૧૩૫(૧) મુજબ ઉધના પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

ગુનાહિત ઈતિહાસ :- પકડાયેલ આરોપી અગાઉ સને-૨૦૧૭ માં લુંટ તથા સને-૨૦૧૮ માં ખુનની કોશીષના ગુનામાં ડીંડોલી પોલીસ સ્ટેશનમાં બાળ કિશોર તરીકે પકડાયેલ હતો.